**કલિન નોટ પોલિસી : આરબીઆઇ**

**5 ડિસેમ્બર, 2002**

રિઝર્વ બેંક ઓફ ઇન્ડિયાના ડેપ્યૂટી ગર્વનર, શ્રી વેપા કામેસમે બેંકોને રિઝર્વ બેંકે નવેમ્બર 2001 થી બહાર પાડેલા સૂચન મુજબ ચલણી નોટના બંડલને સ્ટેપલર ન કરવાનો આદેશ આપ્યો છે. કાગળ અથવા પ્લાસ્ટિકની પટી જ બંડલ પર રાખવાનું જણાવ્યું છે, જેથી નોટનું આયુષ્ય વધે. રિઝર્વ બેંક ઓફ ઇન્ડિયાની કલીન નોટ પોલિસીના અમલ માટે ડેપ્યૂટી ગર્વનરે આજે દિલ્હી ખાતે જાહેર ક્ષેત્રની તથા અન્ય બેંકોના ચીફ એકઝયુટીવની બેઠક બોલાવી હતી. રિઝર્વ બેંકની કિલન નોટ પોલિસીનો ઉદ્દેશ લોકોને સારી નવી નોટ તથા સિક્કા આપી જૂની ખરાબ થઇ ગયેલી નોટ પાછી ખેંચવાનો છે. રિઝર્વ બેંકે બધી બેંકોને સૂચના આપી છે કે ગ્રાહકોને નવી નોટ આપવી તથા જૂની નોટ લઇ તેને કાઉન્ટરમાં જમા કરાવી દેવી. નાણાંકીય લેવડ-દેવડ કરતી બધી ઓફિસમાં રિઝર્વ બેંકે ખૂબ ઝડપી કરન્સી વેરિફીકેશન એન્ડ પ્રોસેસિંગ સિસ્ટમ્સ (CVPS) મશીન્સ રાખ્યા છે. આ મશીન કલાક દીઠ 50,000 થી 60,000 ટૂકડા કરવા સમર્થ છે. ખરાબ થઇ ગયેલી નોટના ઓનલાઇન ટૂકડા ઝડપથી થઇ જાય છે.

1999 થી જયારે ગર્વનરે કિલન નોટ પોલિસીને જાહેરાત કરી ત્યારથી અમુક ચોક્કસ પગલાંઓ લેવામાં આવ્યા છે. જાહેર જનતાને ચલણી નોટ પર કંઇ ન લખવાનું કહેવામાં આવ્યું અને બેંકોને જૂની, ફાટેલી, ખરાબ નોટો બદલી આપવાની સરળ સુવિધા આપવાની સૂચના અપાઇ. રિઝર્વ બેંકની સૂચના મુજબ શાખાઓને ફાટેલી, ખરાબ નોટની સામે નવી, સારી નોટ અને સિક્કાઓ બદલી આપવાનુ જણાવ્યું. જો કે આ સૂચનાનું પૂર્ણપણે પાલન ન થતું હોવાની જનતા તેમજ અન્ય વ્યાપારીઓ તરફથી ફરિયાદ આવતી રહી છે.

રૂરલ કે અર્ધ શહેરી વિસ્તારોમાંથી નાની રકમની નોટ બેંકો બદલી આપતી ન હોવાની ફરિયાદ પણ આવી છે. આ સ્થિતિને બદલવા રિઝર્વ બેંકે સિક્કાની વહેંચણી માટેના મહિના દીઠ ચોક્કસ ટાર્ગેટ આ શાખાઓને આપવામાં આવ્યા છે. ફીડબેક રિપોર્ટર્સને આધારે રિઝર્વ બેંક આ ટાર્ગેટ કેટલે અંશે પૂર્ણ થયો તેનું નિરીક્ષણ કરે છે. ત્યારબાદ પ્રયોગાત્મક ધોરણે રિઝર્વ બેંકે વર્ષના સપ્ટેમ્બર અને નવેમ્બર મહિનામાં કરન્સી ચેન્જ બ્રાન્ચ મહિનામાં એક રવિવારે ચુનંદા સેન્ટરોમાં ખોલવાનું સૂચન આપ્યું હતું. જયાં ખાસ ચલણી નોટો બદલાવી આપવામાં તથા ઓછી રકમના સિક્કાઓ વહેંચી ખરાબ નોટ નાબુદ કરવાની કાર્યવાહી થાય. આ પ્રયોગને લોકો તરફથી બહોળો પ્રતિસાદ મળ્યો. પરિણામે, એવો નિર્ણય લેવામાં આવ્યો કે બેંકે આ યોજના કાયમી ધોરણે પૂરા મનથી ચાલુ રાખવી જોઇએ. સેન્ટર તથા મહિનાના કોઇ પણ રવિવારની પસંદગી જે - તે બેંક પર છોડવામાં આવી.

ડેપ્યૂટી ગર્વનરે ચેસ્ટ શાખાઓ અને નોન ચેસ્ટ શાખાઓ વચ્ચેના સંકલન પર ખૂબ ભાર મૂક્યો. ચેસ્ટ શાખાઓને મિકેનાઇઝડ કરી તેના ડેસ્ક પર ઉચ્ચ ગુણવત્તાના બેન્ડિંગ મશીન્સ મૂકી કાર્ય કરવાનું જણાવ્યું જેથી ગ્રાહકો સ્ટેપલર કર્યા વિનાની સારી નોટ મેળવી શકે અને રિઝર્વ બેંક ખરાબ, ફાટેલી નોટને એકઠી કરી તેનો નાશ કરી શકે. તેમણે એમ પણ જણાવ્યું હતું કે રિઝર્વ બેંકના રિજીયોનલ ડિરેકટર્સે સંપર્કમાં રહી નોટ અને સિક્કાઓનું યોગ્ય કોઓર્ડિનેશન કરવું જોઇએ. તેણે આશા વ્યકત કરી હતી કે, રિઝર્વ બેંકની કિલન નોટ પોલિસીને સફળ બનાવવા બેંકો પૂરતો સહકાર આપશે અને આ હેતુસર કોઇ કાયદાકીય મધ્યસ્થી ગાળો વિચારશે નહીં.

અલ્પના કિલ્લાવાલા

મહા પ્રબંધક

પ્રેસ રિલીઝ: 2002-2003/589